જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૮/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી ૧૨૩ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૩ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૨૪/૧૬

**સેટેલાઈટઃ** મમતાબહેન કપુરાજી હીરાગર (ઉ.વ.૧૬)(રહે.રાજીવનગર વિભાગ-૪ દરબાર ગલી શ્રેયસ ટેકરા સેટેલાઈટ) ને તા.૧૮/૮/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી નારાયણ દેવજી મેઘવાલ લલચાવી ફોસલાવી ઘર નજીકથી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મમતાબહેનના પિતા કપુરાજી હીરાગરે તા.૨૦/૮/૧૬ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ યુ મસી ચલાવે છે.

**નરોડાઃ** કાજલબહેન નટવરલાલ જાદવ (ઉ.વ.૧૬) (રહે.શિવશક્તિ સોસાયટી કઠવાડા રોડ નરોડા) ને તા.૧૯/૮/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા ઘર નજીકથી આરોપી વિશાલ જીતેન્દ્રભાઈ પરમાર (રહે.ગવર્મેન્ટ ડી કોલોની વિજયમીલ નરોડા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ કાજલબહેનના માતા ગીતાબહેન જાદવે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર બી રાણા ચલાવે છે.

**સરદારનગરઃ** કાજલબહેન નરેશભાઈ પટેલ (ઉ.વ.૧૫) (રહે.રબારીવાસ એરપોર્ટ સર્કલ પાસે હાસોલ સરદારનગર) ને તા.૧૬/૮/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી મેહુલ પરેશભાઈ સોલંકી (રહે.રબારી વસાહત રામાપીરનો ટેકરો વાડજ) લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ કાજલબહેનની બહેન વર્ષાબહેને તા.૨૦/૮/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ જી ખરાડી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૫/૧૬**

**કૃષ્ણનગરઃ** રવીકુમાર રામદાસ પ્રજાપતિ (રહે.કર્મયોગી ટેનામેન્ટ વિભાગ-૧ તક્ષશીલ સ્કૂલ રોડ વસ્ત્રાલ) અને તેમના ઘરના વ્યક્તિઓ ઘર કંકાસ કરતા હોઈ રવિકુમારની પત્ની રીસામણે હતા ત્યારે રવિકુમારે સાળી સાથે આડા સંબંધ રાખી માઉન્ટ આબુ ખાતે લઈ જઈ અશ્લીલ ફોટાઓ પાડી સંબંધ રાખવા સારૂ અવાર-નવાર ધમકી આપતા રવિકુમારની સાળી (ઉ.વ.૧૮) એ તા.૧૩/૬/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનારના પિતાએ તા.૨૦/૮/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ એલ રાઠોડ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૬/૧૬**

**વસ્ત્રાપુરઃ** યશ વિરભુષણ મહેતા (રહે. સોમીલ સોસાયટી હિમાલયા મોલની બાજુમાં ડ્રાઇવ ઈન રોડ મેમનગર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૮/૧૬ રાતના ૯/૦૦ થી તા.૨૦/૮/૧૬ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન બોડકદેવ જજીસ બંગ્લા રોડ કાલુપુર કો.ઓ.બેકની સામે રુદ્ર સ્કેવર કોમ્પલેક્ષમાં આવેલ મોબાઇલ ફોનની દુકાનના શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૨૬ તથા એસેસરીઝ મળી કિમત રૂપિયા ૩,૫૯,૧૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.વિરાણી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૭/૧૬**

**નવરંગપુરાઃ** વિનોદભાઈ રણછોડભાઈ દવે (રહે.દેવનંદન પાર્ક ન્યુ ઈન્ડીયા કોલોની પાસે નિકોલ) એ તા.૨૦/૮/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પરીસીમા કોમ્પલેક્ષ લાલ બંગલા ચાર રસ્તા પાસે સીજી રોડ ખાતે કોયો ફેશન પ્રાઈવેટ લીમીટેડ કંપનીની ઓફીસમાં વિનોદભાઈએ ડેટા એન્ટ્રી માટે રાકેશ અશોકભાઈ પ્રજાપતિ (રહે.તુલસી રેસીડન્સી લક્ષ્મીનારાયણ સોસાયટી પાસે મણીનગર) ને ચાર દિવસ માટે રાખેલ હતો. દરમ્યાન રાકેશ પ્રજાપતિએ કોરા ચેકની ચોરી કરી કંપનીના ખાતામાંથી નવરંગપુરા એચડીએફસી બેન્કમાંથી તા.૧૮/૮/૧૬ નારોજ એક ચેકમાં રૂપિયા ૧,૮૦,૦૦૦/- અને બીજા ચેકમાં રૂપિયા ૧,૧૦,૦૦૦/- ભરી સંજય જૈન નામના વ્યક્તિના ખાતામાં જમા કરાવી દીધા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હર્ષદકુમાર આત્મારામ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૮/૧૬**

**રામોલઃ** નીરૂબહેન કનુભાઈ પટેલ (ઉ.વ.૩૦) (રહે.ગણેશ હોમ્સ ફ્લેટ શિવશાંતી સોસાયટીની સામે વસ્ત્રાલ) તા.૧૮/૮/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે શિવાનંદ બંગલોઝની આગળ એવન્યુ ફ્લેટ સામેથી સ્કુટી ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નીરૂબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નીરૂબહેન પટેલે તા.૨૦/૮/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **કે એન લાઠીયા ચલાવે છે.**

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)